

P.07

આલિયાની એક્સ પીએની ધરપકડ, અભિનેત્રીના એકાઉન્ટમાં લાખોની હેરફેર

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૩૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ સુદ ૧૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 336 • Dt.10-07-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

મૌની રોયે અને સોનાલી કુલકર્ણી ધી વાઈવ્સનું શૂટિંગ શરૂ કર્યું




ફ્રાન્સમાં ભયાનક દાવાનળ : ૨૦૦૦ હેક્ટર જંગલ બળીને રાખ । એરપોર્ટ-રેલવે સેવા બંધ કરાઈ



07

10 JULY- 2025 THURSDAY



07

ચીનમાં ભારે વરસાદ પડતા નેપાળમાં પૂર । બંને દેશોને જોડતો પુલ તણાતાં ૨૦ વધુ લોકો ગુમ






રૂ.૩૬૨૯૬ કરોડના ૧૮ પ્રોજેક્ટમાં ૨૨ સમસ્યાઓ નડી રહી છે

પ્રોજેક્ટના અમલીકરણ માટે નડી રહેલા ૨૪થી વધુ પડકારોને દૂર કરવા પગલાં લેવા નિર્દેશ આપવામાં આવ્યા । ઝડપથી સમસ્યાઓ દૂર કરવામાં આવશે । સુરેન્દ્ર નગર, પાટણ અને કચ્છમાં બનાવાશે સોલાર ઝોન બનાવાશે । 5G અને 4G નેટવર્ક વિસ્તરણ પ્રોજેક્ટની કરી સમીક્ષા

# ગુજરાત-રાજસ્થાનના રૂ.૩૬ હજાર કરોડના કામો ફાસ્ટ ટ્રેક કરવા દિલ્હીમાં બેઠક

કેન્દ્ર સરકારે આ પ્રોજેક્ટને અસર કરતાં મુખ્ય મુદ્દાઓની સમીક્ષા કરવા ગત સપ્તાહે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી । પ્રોજેક્ટમાં સોલાર એનર્જી ઝોન સ્થાપિત કરવા, રિલાયન્સ જિઓના ટેલિકોમ્યુનિકેશન નેટવર્કનું વિસ્તરણ જેવી કામગીરી સામેલ

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૨ ।

કચ્છ-પાટણ-સુરેન્દ્રનગર પર ફોકસ ગુજરાત અને રાજસ્થાનમાં રૂ. ૩૬૨૯૬ કરોડના પેન્ડિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું ફાસ્ટ ટ્રેકમાં કામ શરૂ કરવા માટે દિલ્હીમાં બેઠક યોજાઈ હતી. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે નડી રહેલા ૨૪થી વધુ પડકારોને દૂર કરવા પગલાં લેવા નિર્દેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે આ પ્રોજેક્ટને અસર કરતાં મુખ્ય મુદ્દાઓની સમીક્ષા કરવા ગત સપ્તાહે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જેમાં પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રૂપ મિકેનિઝમ દ્વારા અવરોધો દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટમાં સોલાર એનર્જી ઝોન સ્થાપિત કરવા, રિલાયન્સ જિઓના ટેલિકોમ્યુનિકેશન નેટવર્કનું વિસ્તરણ જેવી કામગીરી સામેલ છે.ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ પ્રિન્સિપાલ ઈકોનોમિક એડવાઈઝર પ્રવીણ મહતોએ જણાવ્યું હતું કે, ગુજરાત અને રાજસ્થાનમાં કુલ રૂ. ૩૬૨૯૬ કરોડના ૧૮ પ્રોજેક્ટમાં ૨૨ સમસ્યાઓ નડી રહી છે. જેના પર ચર્ચા કરવામાં આવી હતી. આ સમસ્યાઓને દૂર કરવા માટે અધિકારીઓને પ્રોએક્ટિવ એપ્રોચ (કાર્યક્ષમ વલણ) અપનાવવામાં દોરવણી આપવામાં આવી છે. પ્રવીણ મહતોએ જણાવ્યું હતું કે, ખાનગી પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે પીએમજી પ્લેટફોર્મની સક્રિયપણે મદદ લેવાઈ રહી છે. કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકાર, અને ખાનગી સ્ટેકહોલ્ડર્સનું સંકલન કરવા પર ભાર મૂક્યો છે.

## કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકાર, અને ખાનગી સ્ટેકહોલ્ડર્સનું સંકલન કરવા પર ભાર મૂક્યો

આ રિલાયન્સ જિયોના 5G અને ૪૨ નેટવર્ક વિસ્તરણ પ્રોજેક્ટની પણ સમીક્ષા કરવામાં આવી હતી, જેને રાષ્ટ્રીય મહત્વના પ્રોજેક્ટ તરીકે માન્યતા આપવામાં આવી હતી. આ પહેલ પર મોબાઇલ સેવાઓને અંતરિયાળ અને સીમાડાના વિસ્તારોમાં વિસ્તારવાનો પ્રયાસ કરાશે. હાલના 4G ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પણ મજબૂત બનાવશે. વન સંબંધિત નડી રહેલા મુદ્દાઓનું ઝડપી નિરાકરણ લાવવા માટે રાજ્ય સરકાર સાથે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાઓ પૂર્ણ થાય ત્યારબાદ આ પ્રોજેક્ટ ડિજિટલ કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે. કુલ ૧, ૫૨, ૬૦૦ થી વધુ અસરગ્રસ્ત પશુઓ અત્યાર સુધીમાં સજા થયા છે. વધુમાં ૧૧, ૨૦૦ જેટલા સારવાર હેઠળ હોવાનું અને ૫૯૫૯ જેટલા પશુઓના મોત થયા હોવાનો સત્તાવાર આંકડો છે.



### ખાનગી પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે પીએમજી પ્લેટફોર્મની સક્રિયપણે મદદ લેવાઈ રહી છે

બેઠકમાં રાજસ્થાન અને ગુજરાતમાં સોલાર એનર્જી ઝોન્સ સ્થાપિત કરવાની યોજનાના અમલ માટે ટ્રાન્સમિશન સિસ્ટમને મજબૂત બનાવવાની ચર્ચા થઈ હતી. રૂ. ૧૪૧૪૭ કરોડના પ્રોજેક્ટનો ઉદ્દેશ સબસ્ટેશન અને ટ્રાન્સમિશન લાઈન્સના માધ્યમથી ઉચ્ચ ક્ષમતાના ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરી રિન્યુએબલ એનર્જીનું નેશનલ ગ્રીડમાં સીમલેસ ઈન્ટિગ્રેશન કરવાનું છે. ગુજરાતમાં સુરેન્દ્રનગર, પાટણ અને કચ્છમાં સોલાર ઝોન સ્થાપિત કરવામાં આવશે. જ્યારે રાજસ્થાનમાં જેસલમેર, બિકાનેર અને બાડમેરમાં સોલાર ઝોન બનાવાશે. આ પ્રોજેક્ટ નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંકમાં મદદરૂપ સાબિત થશે.

૫૦ ફૂટના રોડ પરના ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે શરૂ

## વડોદરા જિલ્લામાં જુના પાણીગેટ પોલીસ સ્ટેશનથી હરણ ખાનના રોડ પરના દબાણો તોડવાનું શરૂ

। પ્રતિનિધિ, વિસનગર, તા.૨૨ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે વોર્ડ નંબર ૧૪ વિસ્તારમાં ૫૦ ફૂટના રોડ પરના ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે શરૂ કરવામાં આવી હતી. જુના પાણીગેટ પોલીસ સ્ટેશનથી હરણ ખાના રોડ સુધીના વિસ્તારમાં ૫૦ ફૂટના રોડ પૈકીના ગેરકાયદે દબાણો જેમ કે ટોયલેટ બાથરૂમ, ઓરડીની દીવાલો, શેડ, ઓરડી વગેરે નડતરરૂપ હતા તે તોડી પાડવા સવારથી ઓપરેશન હાથ ધર્યું



હતું. તોડફોડ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વાડી અને પાણીગેટ પોલીસ સ્ટેશનનો સ્ટાફ હાજર રખાયો હતો. કોર્પોરેશનના જુદા જુદા ખાતાના કર્મચારીઓ પણ આ કામગીરી વખતે ઉપસ્થિત હતા. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે વોર્ડ નંબર ૧૪ વિસ્તારમાં ૫૦ ફૂટના રોડ પરના ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે શરૂ કરવામાં આવી હતી. જુના પાણીગેટ પોલીસ સ્ટેશનથી હરણ ખાના રોડ સુધીના વિસ્તારમાં ૫૦ ફૂટના રોડ પૈકીના ગેરકાયદે દબાણો જેમ કે ટોયલેટ બાથરૂમ, ઓરડીની દીવાલો, શેડ, ઓરડી વગેરે નડતરરૂપ હતા તે તોડી પાડવા સવારથી ઓપરેશન હાથ ધર્યું હતું. તોડફોડ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વાડી અને પાણીગેટ પોલીસ સ્ટેશનનો સ્ટાફ હાજર રખાયો હતો.

## ન્યૂઝ બ્રિફ

### હું ડીકી પાસે બેસી હોવાથી કાચ તોડી નીકળી ગઈ, પતિ, પુત્ર, પુત્રીનાં મોતઃ પીડિતા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૯ ।

વડોદરા અને આણંદને જોડતો મહિસાગર નદી પરનો ૪૫ વર્ષ જૂનો ગંભીરા પુલ આજે સવારે અચાનક તૂટી પડ્યો, જેના કારણે અફડાતફડી મચી ગઈ. પાદરા તાલુકાના મુંજપર ગામ પાસે આવેલો પુલ ધરાશાયી થવાથી અનેક વાહનો નદીમાં પડી ગયા. આ આ દુર્ઘટનાનો મૃત્યુઆંક દસ પર પહોંચી ગયો છે.દુર્ઘટના વચ્ચે એક મહિલા હૈયાફાટ રુદન કરી પોતાનો વહાલસોયો પુત્ર, પુત્રી અને પતિ ડૂબ્યો હોવાનું જણાવી રહી છે. હાલમાં દુર્ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકોનાં ટોળાં એકઠાં થયાં છે.

### ધાનેરાના સામરવાડામાં આર્મી જવાન ઝાલમસિંહ દેવડા શહીદ

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૯ ।

બનાસકાંઠામાં ધાનેરા તાલુકાના સામરવાડા ગામના બહાદુર આર્મી જવાન ઝાલમસિંહ દેવડાનું હાર્ટ એટેકને કારણે દુઃખદ નિધન થયું છે. ૧૨ વર્ષથી ભારતીય સેનામાં દેશની સેવા કરી રહેલા ઝાલમસિંહ રજાઓમાં પોતાના વતન આવ્યા હતા, ત્યારે આ દુર્ઘટના બની. સારવાર દરમિયાન તેમનું નિધન થયું, જેનાથી સમગ્ર ગામ અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ગુજરાતના અનેક જિલ્લામાં યલો એલર્ટ

## દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં ૫ દિવસ ભારે વરસાદની આગાહી

બનાસકાંઠા, સાબરકાંઠા અરવલ્લી મહીસાગર, દાહોદ અને ૧૫ જુલાઈએ બનાસકાંઠા અને સાબરકાંઠામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૨ ।

રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે, ત્યારે (૯ જુલાઈ) સવારે ૬ થી બપોરના ૨ વાગ્યા સુધીમાં ૩૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ નવસારીના ખેરગામમાં ૧.૮૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. તેવામાં હવામાન વિભાગે આગામી ૧૫ જુલાઈ સુધી સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે બુધવારે તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને ૧૦-૧૧ જુલાઈના રોજ નવસારી, વલસાડ જિલ્લામાં મેઘગર્જના સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. ૧૪ જુલાઈએ ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે.



### સરકારે આરોગ્ય કર્મચારીઓને સેવા પર પરત ફરવા વિનંતી કરી છે

૧૨ જુલાઈએ મહીસાગર, દાહોદ, અમરેલી, ભાવનગર, નવસારી અને વલસાડ અને ૧૩ જુલાઈએ અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે.૧૪ જુલાઈએ ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા અરવલ્લી મહીસાગર, દાહોદ અને ૧૫ જુલાઈએ બનાસકાંઠા અને સાબરકાંઠામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે.

## શહેરમાં બારશાખ રાજપૂત સમાજ ક્ષાતિપંચનું ગૌરવ



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૪ સમગ્ર ગુજરાતમાં ૨૮ મો ક્રમાંક મેળવનાર આપણા સમાજનું ગૌરવ અને અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ, અમદાવાદ ટકના સભાસદ અતુલભાઈ વીરસિંગભાઈ સોલંકીના સુપુત્ર ધવલકુમાર અતુલભાઈ સોલંકી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૪ ની પરીક્ષા પાસ કરી સમગ્ર ગુજરાતમાં ૨૮ મો ક્રમાંક મેળવી સમાજ અને માતા પિતાનું નામ રોશન કર્યું છે. ત્યારે હર્ષ અને ગૌરવની લાગણી અનુભવતા ધવલકુમાર અતુલભાઈ સોલંકી તેમજ તેમના પરિવારને સમાજ લોકો ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર બનાવથી શિક્ષણ હબ જૂનાગઢની ગરિમાને ઝાંખપ લાગી

## ભેંસાણમાં પ્રિન્સિપાલ- ગૃહપતિએ ચાર બાળકોને અડપલાં કર્યા હોવાનો ઘટસ્ફોટ

પીઆઇ સુમરાના જણાવ્યા મુજબ શારીરિક ચેનચાળાની ફરિયાદ મામલે વાલીઓ અને વિદ્યાર્થીઓના નિવેદન મેળવવાની કાર્યવાહી થઈ



। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૯ ।

ભેસાણની શૈક્ષણિક સંકુલના બાળકો સાથે થયેલ શારીરિક ચેનચાળા મુદ્દે સંસ્થાના ટ્રસ્ટીની ફરિયાદ બાદ ભેસાણ પોલીસે પ્રિન્સિપાલ અને ગૃહપતિની ધરપકડ કરી છે. આવતીકાલે બંને શખ્સોને પાંચ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાશે. બાળ સુરક્ષા વિભાગ દ્વારા સંકુલમાં રહેતા બાળકોના કાઉન્સેલીંગ દરમ્યાન ચાર બાળકો સાથે અડપલા થયા હોવાનું સામે આવ્યું છે. હજુ પણ અન્ય બાળકોનું કાઉન્સેલીંગ શરૂ રાખવામાં આવ્યું છે.ભેસાણની માં અમર શૈક્ષણિક સંકુલના પ્રિન્સિપાલ કેવલ લાખણોત્રા, ગૃહપતિ હિરેન જોશીએ બે બાળકો સાથે શારીરિક ચેનચાળા કર્યા હતા. સમગ્ર મામલે મેનેજિંગ ટ્રસ્ટી લલીતભાઈ સાવલિયાએ ભેસાણ પોલીસ સ્ટેશનમાં ગૃહપતિ અને પ્રિન્સિપાલ સામે વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે પોક્સો એક્ટ અન્વયે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે. સમગ્ર બનાવથી શિક્ષણ હબ જૂનાગઢની ગરિમાને ઝાંખપ લાગી છે. ગુરૂપૂણમાના બે દિવસ પૂર્વે જ બાળકો પર શારીરિક ચેનચાના ગંભીર બનાવથી ગુરૂ-શિષ્યના સંબંધને લાછન લાગ્યું છે. ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર જાગી છે. ભેસાણ પોલીસ દ્વારા સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.પીઆઇ સુમરાના જણાવ્યા મુજબ શારીરિક ચેનચાળાની ફરિયાદ મામલે વાલીઓ અને વિદ્યાર્થીઓના નિવેદન મેળવવાની કાર્યવાહી થઈ રહી છે. સંકુલમાં રહેલા અન્ય બાળકો સાથે આવું કૃત્ય થયું છે કે કેમ ? તે ઉપરાંત કેટલા બાળકો રહે છે અને આરોપીઓ કેટલા સમયથી ફરજ બજાવે છે, અગાઉ ક્યાં ફરજ બજાવી હતી તે તમામ મુદ્દાઓ અંગે સંકુલના ટ્રસ્ટીઓની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

ગોહિલવાડમાં શાકભાજીના નહિવત ઉત્પાદનના કારણે બેવડો માર | વરસાદના કારણે શાકભાજી પહોંચાડતી ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા મંદ થવાની સાથે બગાડની ટકાવારી વધતાં ભાવ વધ્યા

## લીલા શાકભાજીના ભાવ આસમાને, ૪૦ ટકા સુધીના વધારાથી કિચન બજેટ ખોરવાયું



। પ્રતિનિધિ, ભાવનગર, તા.૯ ।

ગોહિલવાડમાં છેલ્લા બે સપ્તાહથી પડી રહેલાં વરસાદના કારણે લીલા શાકભાજીના ભાવ સડસડાટ રીતે આસમાનને આંબી ગયા છે. વરસાદા બાદ શાકભાજીમાં સરેરાશ ૧૫થી ૪૦ ટકા સુધીનો ભાવ વધારો થતાં ગૃહિણીઓનું કિચન બજેટ ખોરવાયું છે. ભાવનગર જિલ્લામાં શાકભાજીનું ઉત્પાદન નહિંવત હોવાથી દૈનિક માંગને લઈ મોટાભાગના લીલા શાકભાજી સૌરાષ્ટ્ર સહિત રાજયના અન્ય પ્રાંતોમાંથી ભાવનગર આવી રહ્યા છે. જો કે, શહેર જિલ્લામાં પડી રહેલાં વરસાદના કારણે આ આવકમાં ઘટાડો થતાં માંગ સામે પુરવઠો ખોરવાયો છે જેના કારણે લીલી શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. આ પણ અધુરૂં હોય તેમ સ્થાનિક કક્ષાએ ઉતાપાદિત થતાં શાકભાજી વરસાદમાં પળળી જવાના કારણે તેમાં બગાડની ટકાવારી વધતાં રોજિંદા વપરાશ સામે વ્યાપક પ્રમાણમાં ઘટ ઉભી થતા લીલી શાકભાજીના ભાવ રોકેટ ગતિએ આસમાને આંબ્યા છે. જેમાં મુખ્યત્વે ચોળી, કંટોળા, ગુવાર, રીંગણા, ટમેટા, દુધી, કોબીઝ અને ફલાવર સહિતના શાકભાજીના ભાવમાં સરેરાશ રૂા.૪૦થી રૂા.૭૦ સુધીનો જયારે તુરીયા, કારેલા, પરવળ, ટીંડોરા સહિતના શાકભાજીના ભાવમાં પ્રતિ કિલોએ રૂા રૂા.૩૦ સુધીનો વધારો થયો છે.જેના કારણે ગૃહિણીઓનેના છુટકે મોંઘા શાકભાજી ખરીદવાની નોબત આવતાં તેની કિચન બજેટ પર અસર થઈ રહી છે.ગોહિલવાડમાં છેલ્લા બે સપ્તાહથી પડી રહેલાં વરસાદના કારણે લીલા શાકભાજીના ભાવ સડસડાટ રીતે આસમાનને આંબી ગયા છે. વરસાદા બાદ શાકભાજીમાં સરેરાશ ૧૫થી ૪૦ ટકા સુધીનો ભાવ વધારો થતાં ગૃહિણીઓનું કિચન બજેટ ખોરવાયું છે. ભાવનગર જિલ્લામાં શાકભાજીનું ઉત્પાદન નહિંવત હોવાથી દૈનિક માંગને લઈ મોટાભાગના લીલા શાકભાજી સૌરાષ્ટ્ર સહિત રાજયના અન્ય પ્રાંતોમાંથી ભાવનગર આવી રહ્યા છે. જો કે, શહેર જિલ્લામાં પડી રહેલાં વરસાદના કારણે આ આવકમાં ઘટાડો થતાં માંગ સામે પુરવઠો ખોરવાયો છે જેના કારણે લીલી શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. શહેર જિલ્લામાં પડી રહેલાં વરસાદના કારણે આ આવકમાં ઘટાડો થતાં માંગ સામે પુરવઠો ખોરવાયો છે.

## વડતાલ પંથકની સગીરા પર જોળના શખ્સનું દુષ્કર્મ

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૯ ।

વડતાલ પંથકની સગીરાને જોળ ગામના શખ્સે ત્રણ દિવસ ગોંધી રાખી દુષ્કર્મ આચર્યુ હતું. આ બનાવ અંગે સગીરાને પરિવારજનોને સોંપી વડતાલ પોલીસે પોક્સો હેઠળ ગુનો દાખલ કર્યો છે.વડતાલ પંથકના એક ગામની ૧૭ વર્ષના આસરાની સગીરાને જોળ ગામમાં રહેતો મિતુલ પુનમભાઈ પરમાર લગ્ન કરવાની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી તા.૨૯/૬/૨૫ ની રાત્રે ફોસલાવી પટાવી ભગાડી ગયો હતો. શખ્સે ત્રણ દિવસ ગોંધી રાખી સગીરા પર દુષ્કર્મ આચર્યુ હતું. આ બનાવ અંગે સગીરાના ભાઈએ વડતાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સગીરાને શોધી કાઢી તેના પરિવારજનોને સોપવામાં આવી હતી.

## રાજકોટમાં એકલા રહેતા વૃધ્ધની ઘાતકી રીતે હત્યા બાદ લાશ સળગાવી નાખી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૯ ।

શહેરના રૈયાધાર વિસ્તારમાં શાંતિનગરના ગેઈટ સામે આવેલા મોમાઈનગર શેરી નં.૩ મફતિયાપરામાં એકલા રહેતાં મનસુખભાઈ આણંદજીભાઈ ટાંકની રાત્રે માથામાં બોથડ પદાર્થનો ઘા ઝીંકી, ઘાતકી રીતે હત્યા નિપજાવ્યા બાદ, લાશને સળગાવી દેવાયાની ચોંકાવનારી ઘટના બહાર આવી છે. જો કે મનસુખભાઈની કોણે અને કયા કારણસર હત્યા કરી તે વિશે પોલીસને કોઈ માહિતી મળી નથી. ભેદ ઉકેલવા માટે ગાંધીગ્રામ-૨ પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચની ટીમોએ પણ તપાસમાં ઝુકાવ્યું છે.હત્યાનો ભોગ બનનાર મનસુખભાઈના પત્ની ચતુરાબેન પાંચેક વર્ષ પહેલાં બિમારી સબબ મૃત્યુ પામ્યા હતા. જયારે પુત્ર સંજયે ૨૫ વર્ષ પહેલાં આત્મહત્યા કરી લીધી હતી. ત્રણ પુત્રીના લગ્ન થઈ ગયા છે. હાલમાં મનસુખભાઈ એકલા રહેતા હતા. આત્મહત્યામાં ખપાવવા તેમની લાશ સળગાવી દીધી હશે.

કોસ્ટલ ટુરિઝમના નામે વધુ એક ગતકડું

# પોરબંદર-દીવ, દ્વારકા-જામનગર વચ્ચે ક્રુઝ સર્કિટ શરૂ કરાશે

### ગુજરાત પાસે ૨૩૪૦ કિલોમીટરનો દરિયાકાંઠો છતાં ક્રુઝ ટર્મિનલ મામલે કેરળ, મહારાષ્ટ્ર કરતાં ઘણું પાછળ

। પ્રતિનિધિ, પોરબંદર, તા.૯ ।

હજીરા-ઘોઘા વચ્ચે રો-રો ફેરી સર્વિસ પાંચ વર્ષ અગાઉ શરૂ કરવામાં આવી હતી. હવે ‘કોસ્ટલ ટુરિઝમનું વધુ એક ગતકડું લાવવા માટે વિચારણા શરૂ કરવામાં આવી છે. જેમાં પડાલા ટાપુ-કચ્છનું રણ, પોરબંદર-વેરાવળ-દીવ, દ્વારકા-ઓખા-જામનગર જેવા રૂટમાં ક્રુઝ સર્કિટનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ક્રુઝ ભારત મિશન માટે ક્રુઝ શિપિંગ પોલિસીની રૂપરેખા નક્કી કરવાના ઉદ્દેશથી ગુજરાત મેરીટાઈમ બોર્ડે દ્વારા તાજેતરમાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્રુઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રુઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા અને પડાલા ટાપુ જેવા મુખ્ય સ્થળો તેમજ કાર્યરત ઘોઘા-હઝીરા રો-પેક્સ સેવાનો પણ સમાવેશ થાય છે. આ પ્રસ્તાવિત રૂટને ત્રણ ક્લસ્ટરમાં વિભાજીત કરવામાં આવ્યા છે. પડાલા ટાપુ-કચ્છનું રણ, પોરબંદર-વેરાવળ-દીવ, દ્વારકા-ઓખા-જામનગર આ ક્લસ્ટરમાં સામેલ છે. દરેક ક્લસ્ટર પ્રવાસનને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવ્યું છે. ખાસ તો, એ ક્લસ્ટરના ૧૦૦ કિમીની અંદર મુખ્ય ધાર્મિક, નૈસર્ગિક અને સાંસ્કૃતિક સ્થળોનો સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યું



છે. જેથી ક્રુઝ મુસાફરોને વધુ આકર્ષણ અને મનોરંજનના વિકલ્પો મળી રહે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ક્રુઝ ભારત મિશનની શરૂઆત કરવામાં આવી હતી. આ મિશનનો ઉદ્દેશ આગામી દાયકામાં ભારતને વિશ્વ સ્તરનું ક્રુઝ પર્યટન કેન્દ્ર બનાવવાનો છે અને ૨૦૨૯ સુધીમાં દરિયાઈ ક્રુઝ પ્રવાસનને દસ ગણું વધારવાનો છે. દેશમાં મુંબઈ, કોચીન, ચેન્નઈ, અને મોર્મુગાઓ જેવા મુખ્ય બંદરોએ ક્રુઝ ટર્મિનલ વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે પણ ગુજરાત આ મામલે હજુ ઘણું પાછળ છે. હજીરા-ઘોઘા વચ્ચે રો-રો ફેરી સર્વિસ પાંચ વર્ષ અગાઉ શરૂ કરવામાં આવી હતી. હવે ‘કોસ્ટલ ટુરિઝમનું વધુ એક ગતકડું લાવવા માટે વિચારણા શરૂ કરવામાં આવી છે. જેમાં પડાલા ટાપુ-કચ્છનું રણ, પોરબંદર-વેરાવળ-દીવ, દ્વારકા-ઓખા-જામનગર જેવા રૂટમાં ક્રુઝ સર્કિટનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ક્રુઝ ભારત મિશન માટે ક્રુઝ શિપિંગ પોલિસીની રૂપરેખા નક્કી કરવાના ઉદ્દેશથી ગુજરાત મેરીટાઈમ બોર્ડે દ્વારા તાજેતરમાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આણંદમાં રોડના ખાડામાં પટકાતાં કાર કાંસમાં ખાબકી : બે યુવકો ગંભીર

। પ્રતિનિધિ, આણંદ, તા.૯ ।

ડાકોર-મહુધા હાઈવે ઉપર બોરડી પાસે રોડના ખાડામાં પટકાતાં ચાલકે કાબૂ ગુમાવતા કાર કાંસમાં ખાબકી હતી. અકસ્માતમાં ડાકોરથી દર્શન કરી પરત ફરતા કારમાં સવાર વસ્ત્રાલના પાંચ યુવકો પૈકી બેને ગંભીર ઈજાઓ થઈ હતી. અમદાવાદના વસ્ત્રાલથી પાંચ યુવાનો યશ પટેલ, યશ કિર્તિભાઈ પટેલ, પાર્થ પટેલ, ક્રિશ પટેલ અને મહિપાલ પટેલ કારમાં ડાકોર મંદિરે દર્શન કરવા માટે આવ્યા હતા. દર્શન કર્યા બાદ સવારના સાતેક વાગ્યાની આસપાસના સુમારે પાંચેય યુવાન કારમાં અમદાવાદ પરત જવા નીકળ્યા હતા. દરમ્યાન તેઓની કાર ડાકોર-મહુધા હાઈવે ઉપર બોરડી ગામ પાસેથી પસાર થતી હતી. ત્યારે કાર રસ્તા ઉપરના ખાડામાં પટકાતા ચાલકે સ્ટિટરિંગ પરનો કાબુ ગુમાવતા કાર કાંસમાં ખાબકી હતી. અકસ્માતમાં ક્રિશ પટેલ અને મહિપાલ પટેલને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે યશ પટેલ, યશ કિર્તિભાઈ પટેલ અને પાર્થ પટેલને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસમાંથી સ્થાનિકોના ટોળા ઘટના સ્થળે ઉમટયા હતા. ૧૦૮ની મદદથી પાંચેય ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ડાકોરની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ખસેડયા હતા. સદ્નસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી અને પાંચેય યુવાનોનો આબાદ બચાવ થયો હતો. જો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી

# વડોદરાના પાદરામાં આવેલો મુજપુરા-ગંભીરા બ્રિજ વચ્ચેથી તૂટી પડતાં ૧૧ લોકોના મોત નિપજયાં

। પ્રતિનિધિ, વડોદરા, તા.૯ ।

વડોદરાથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ તૂટી પડતાં કુલ ૭ વાહનો નદીમાં ખાબકી ગયા છે. જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોતની સત્તાવાર માહિતી મળી છે. જ્યારે ૧૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી કલેક્ટરે આપી હતી. મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો આ બ્રિજ આણંદ અને વડોદરા જિલ્લાને જોડવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માહિતી અનુસાર એક ટ્રક, એક બોલેરો અને એક બાઈક સહિત પાંચ વાહનો નદીમાં ખાબક્યા



હોવાના અહેવાલ છે. આ મામલે ખુદ કલેક્ટરે ઘટનાની જાણકારી આપી છે. જ્યારે કોંગ્રેસના દિગ્ગજ નેતા અમિત ચાવડાએ પણ એક્સ પર પોસ્ટ કરીને ઘટનાના વીડિયો શેર કર્યા હતા.

બ્રિજ ધરાશાયી થઈ જવાને કારણે મોટાપાયે ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ છે. જેને ધ્યાનમાં રાખીને અમિત ચાવડાએ ટ્રાફિકનો નિકાલ લાવવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા તંત્રને અપીલ કરી હતી. આ બ્રિજનું નામ ગંભીરા બ્રિજ હોવાની જાણકારી મળી છે. નદીમાં ખાબકેલા વાહનો પાસે એક મહિલા મદદ માટે કગરતી દેખાઈ હતી.

વડોદરાથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ તૂટી પડતાં કુલ ૭ વાહનો નદીમાં ખાબકી ગયા છે. જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોતની સત્તાવાર માહિતી મળી છે. જ્યારે ૧૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી કલેક્ટરે આપી હતી. મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો આ બ્રિજ આણંદ અને વડોદરા જિલ્લાને જોડવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માહિતી અનુસાર એક ટ્રક, એક બોલેરો અને એક બાઈક સહિત પાંચ વાહનો નદીમાં ખાબક્યા હોવાના અહેવાલ છે. આ મામલે ખુદ કલેક્ટરે ઘટનાની જાણકારી આપી છે.

## ચોટીલા તાલુકામાંથી ગેરકાયદે ખનીજ વહન કરતા ૭ ડમ્પર ઝડપાયા

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૯ ।

ચોટીલા તાલુકામાંથી ઓવરલોડ અને પરમીટ વગરના સાત ડમ્પરો ઝડપાયા છે. જ્યારે થાનના ભડુલા અને રૂપાવટી ગામની સીમમાંથી પણ ગેરકાયદે કાર્બોસેલના ત્રણ કૂવા પરથી ખનન ઝડપી પાડવામાં આવ્યું હતું.ચોટીલા પ્રાંત અધિકારી અચે.ટી.મકવાણા સહિત તેમની ટીમે ગેરકાયદે ખનીજ ચોરી અંગે વાહન ચેકિંગ હાથ ધર્યુ હતું. જેમાં ચોટીલા-રાજકોટ હાઈવે તેમજ ચોટીલા-થાન હાઈવે પરથી ગેરકાયદેસર કોરવેશ (તાસ), સાદી રેતી, ફાયર ક્લેનું વહન કરતા ઓવરલોડ અને પાસ પરમીટ વગરના ૭ ડમ્પરો સહિત કુલ રૂા.૨,૮૧,૩૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ચોટીલા મામલતદાર કચેરી ખાતે રાખવામાં આવ્યો હતો. બિનવારસી ડમ્પરવાળા સામે ખનીજ સંપ તિના ખનન અને વહન કરવા બદલ કાર્યવાહી હાથધરી છે. જ્યારે બીજી રેઈડમાં થાન તાલુકાના ભડુલા અને રૂપાવટી ગામની સીમમાંથી પણ ગેરકાયદેસર કાર્બોસેલના ત્રણ કુવાઓ પરથી ખનન ઝડપી પાડવામાં આવ્યું હતું. ચોટીલા તાલુકામાંથી ઓવરલોડ અને પરમીટ વગરના સાત ડમ્પરો ઝડપાયા છે. જ્યારે થાનના ભડુલા અને રૂપાવટી ગામની સીમમાંથી પણ ગેરકાયદે કાર્બોસેલના ત્રણ કૂવા પરથી ખનન ઝડપી પાડવામાં આવ્યું હતું.

## બોટાદના કાનિયાડ ગામે પતિએ છરીના ઘા ઝીંકી પત્નીની હત્યા કરી

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૯ ।

બોટાદના કાનિયાડ ગામે ગત મોડીરાત્રે પતિએ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં પરિવારમાં બે પુત્રવધુની હાજરીમાં પત્નીને છરીના એકથી વધુ ઘા ઝીંકી કરપીણ હત્યા કરી નાંખી હતી. હત્યા બાદ પતિ ઘરની ઓશરીમાં પડેલાંલોહીનેપાણીથીધોઈપુરાવાનોનાશકરીનાસીછૂટયો હતો. બોટાદના કાનિયાડ ગામે રહેતાં ભરત રામભાઈ ખાચર ગત મોડીરાત્રે પોતાના ઘરે હતા ત્યારે તેમના બન્ને પુત્રવધુની હાજરીમાં પત્ની મધુબેન સાથે તકરાર થઈ હતી. જેમાં ઉશ્કેરાઈને પતિ ભરતે પત્નીને માથાથી લઈ શરીરના વિવિધ અંગો પર છરીના આડેધડ ઘા ઝીંકી દિધા હતા. બનાવની જાણ થતાં જ તેમનો પુત્ર હસ્તીરાજભાઈ વાડીએથી ઘરેથી દોડી આવ્યો હતો. ત્યારે, પિતા હુમલા બાદ ઘરની ઓશરીમાં પડેલાં લોહીને પાણીથી સાફ કરી રહ્યા હતા. જયારે, માતાને લોહીયાળ ઈજા થતાં તે નજીકમાં બેશુદ્ધ અવસ્થામાં હોવાથી તેમને સારાવારાર્થે બોટાદની ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ, પત્ની પર હુમલો કરી હત્યારો પ તિ નાસી છૂટયો હતો. બનાવની જાણ થતાં જ પાળિયાદ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આરોપીની અટક બાદ હત્યાનું કારણ સ્પષ્ટ થશે તેમ તેમણે જણાવ્યું હતું.



### સી-પ્લેન બંધ, ક્રૂઝ મરણપથારીએ, હવે એર ટેક્સી શરૂ થશે

# રાજ્ય સરકાર-એએમસીની બેધારી નીતિને પગલે આર્થિક રીતે નુકસાન થતાં ક્રૂઝ પ્રોજેક્ટ પડતો મૂકાય તેવી સ્થિતિ

**અમદાવાદ રિવરફ્રન્ટ પર સી પ્લેન બાદ હવે ક્રૂઝ સેવા પણ મરણ પથારીએ, સાડા ત્રણ કરોડનું નુકસાન**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

એક બાજુ ગુજરાત સરકાર ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરવા જઈ રહ્યું છે. ગુજરાતના દરિયાકાંઠે ક્રૂઝ ટુરિઝમને પ્રોત્સાહન આપવા નક્કી કરાયુ છે. આ ઉપરાંત ગુજરાતને ક્રૂઝ હબ બનાવવા સરકાર કટિબદ્ધ છે, ત્યારે અમદાવાદમાં રિવરફ્રન્ટ પર ક્રૂઝની સી-પ્લેન જેવી દશા થઈ છે. સાબરમતી નદીમાં મોટા ઉપાડે શરૂ કરાયેલું ક્રૂઝ છેલ્લાં અઢી મહિનાથી બંધ અવસ્થામાં છે. રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેધારી નીતિને પગલે આર્થિક રીતે નુકસાન થતાં ક્રૂઝ પ્રોજેક્ટ પડતો મૂકાય તેવી સ્થિતિ સર્જાઈ છે.ગુજરાતના દરિયાકાંઠે ક્રૂઝ ટુરિઝમ વિકસાવવાની ડીંગો હાંકવામા આવી રહી છે, ત્યારે અમદાવાદમાં મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ સમાન રિવરફ્રન્ટમાં શરૂ કરાયેલું ક્રૂઝ હાલમાં મરણપથારીએ છે. તેનું કારણ એ છે કે, ઘણાં વખતથી સાબરમતી નદીમાં માટી-કાંપની સફાઈ કરવામાં આવી નથી જેના કારણે નદીની ઉંડાઈ ઘટી રહી છે. મુખ્યમંત્રી, પ્રવાસન વિભાગથી માંડીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોને રજૂઆત કરાઈ છે કે, અટલબ્રિજ અને મેટ્રો રેલ માટે નદીમાં સાડા ચાર હજાર





ડમ્પર માટી નાંખવામાં આવી હતી પરિણામે નવ ફૂટ માટી-કાંપના સ્તર જામ્યાં છે. આ સ્થિતિ જેવીની તેવી જ રહી છે. કોન્ટ્રાક્ટરો માટીની સફાઈની કામગીરી કરવાનું ટાળ્યું છે. નદીમાં માટી-કાંપના વધતા સ્તરને લીધે ક્રૂઝ ચાલી શકે તેમ નથી.

એવો આક્ષેપ કરાયો છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ક્રૂઝના વાર્ષિક ભાડાપેટે ૫૫ લાખ રૂપિયા મેળવવામાં જ રસ છે. ચોમાસામાં કોઈપણ આગોતરી જાણ કર્યા વિના જ નદીમાંથી પાણી છોડી દેવાય છે જેના કારણે ક્રૂઝ બંધ રાખવુ પડે છે. મ્યુનિ. કોર્પોરેશનની બેધારી નીતિને કારણે અત્યાર સુધી ક્રૂઝ સંચાલકોને કુલ મળીને સાડા ત્રણ કરોડનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ તરફ, મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો વરસાદને કારણે ટુરિસ્ટો આવતાં નથી તેવું બહાનુ ધરી રહ્યાં છે. આમ, મ્યુનિ. કોર્પોરેશન અને ક્રૂઝ સંચાલકો આમને સામને આવ્યાં છે.

અમદાવાદીઓને સપનાં દેખાડવામાં ભાજપ પાછીપાની કરે તેમ નથી. મોટા ઉપાડે શરૂ કરાયેલા સી-પ્લેનને તો સમારકામના નામે ખંભાતી તાળા મારી દેવાયાં છે. હવે કયારે શરૂ થશે તે નક્કી નથી. હવે દરિયાકાંઠે ક્રૂઝ ટુરિઝમની સુફિયાણી વાતો કરવામાં આવી રહી છે, ત્યારે અમદાવાદ રિવરફ્રન્ટ પર અઢી મહિનાથી ક્રૂઝ પડી રહ્યું છે. એક પછી એક પ્રોજેક્ટનું બાળમરણ થઈ રહ્યું છે ત્યારે રિવરફ્રન્ટ પરથી જ અમદાવાદથી માંડવી વચ્ચે એર ટેક્સી શરૂ કરવા સરકારે વિચારણા શરૂ કરી છે. અમદાવાદથી કચ્છ-માંડવી સુધી એર ટેક્સી શરૂ કરવા સરકારે એક કમિટીની પણ રચના કરી છે.એક બાજુ ગુજરાત સરકાર ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરવા જઈ રહ્યું છે. ગુજરાતના દરિયાકાંઠે ક્રૂઝ ટુરિઝમને પ્રોત્સાહન આપવા નક્કી કરાયુ છે.

### શહેરમાં ડ્રેનેજ સિસ્ટમની કામગીરી નબળી હોવાથી શહેરમાં અનેક લોકો ભરાયેલા પાણીનો ભોગ બન્યા હતા

## સુરત શહેરમાં ખાડી પૂર અસરગ્રસ્ત વિસ્તારમાં સુપર ક્લોરીનેશન સરકારની સુચના બાદ પણ ન થયું

। પ્રતિનિધિ, સુરત, તા.૯ ।

સુરત સહિત ગુજરાતમાં પૂર જેવી સ્થિતિ બાદ રોગચાળો ન ફેલાય તે માટે અસરગ્રસ્ત વિસ્તારમાં સુપર ક્લોરીનેશનવાળું પાણી આપવા સરકારે સૂચના આપી હતી. તેમ છતાં સુરતમાં આ કામગીરી થઈ ન હતી. મ્યુનિ. કમિશ્નરે રિવ્યુ બેઠકમાં હાઈડ્રોલિક વિભાગનો હવાલો સંભાળવા નિધિ સિવાય પાસે જવાબ માંગતા દલીલ કરતા મ્યુનિ. કમિશ્નરે દલીલ નહી જવાબ આપો તેવું કહી દીધું હતું. આ ઉપરાંત અન્ય કામગીરીમાં પણ ધ્યાન ન હોવાનું જણાવ્યું હતું. સુરત શહેરમાં આવેલા વરસાદ બાદ શહેરમાં ડ્રેનેજ સિસ્ટમની કામગીરી નબળી હોવાથી શહેરમાં અનેક લોકો ભરાયેલા પાણીનો ભોગ બન્યા હતા. આ ઉપરાંત પૂર બાદ અસરગ્રસ્ત વિસ્તારમાં સુપર ક્લોરીનેશનવાળું પાણી આપવા માટે સુચના આપી હતી તેનો પણ અમલ ન થયો હતો. જોકે, હાઈડ્રોલિક અને ડ્રેનેજ વિભાગનો હવાલો રાજ્ય સરકારમાંથી ડેપ્યુટેશન પર આવેલા ડેપ્યુટી કમિશનર નિધિ સિવાય સંભાળે છે. જોકે, તેમના હસ્તકના બન્ને વિભાગની કામગીરીથી લોકોમાં ભારે રોષ છે દરમિયાન પાલિકા કમિશનર દ્વારા અધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં સુરતના રસ્તા, પાણી અને ડ્રેનેજના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન સરકારની સુચનાઓ મુજબ રસ્તા, પાણી અને ગટર બાબતે શું શું કરવાનું છે, શું શું કરાયું છે.

## ખેડાના રઢુ ગામે રૂા. ૬ લાખનો દારૂ ભરેલા બે વાહનો ઝડપાયા


। પ્રતિનિધિ, નડિયાદ, તા.૯ ।

રઢુ ગામમાં ગાડી અને ટ્રેક્ટરની ટ્રોલીમાંથી રૂા. ૬ લાખના દારૂ- બિયરનો ૧,૩૪૪ બોટલોનો જથ્થો ઝડપાયો હતો. ખેડા ટાઉન પોલીસે દારૂ, વાહનો સહિત રૂા. ૧૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પરંતુ, દારૂની હેરાફેરી કરનાર વાહન ચાલકો તેમજ બુટલેગરને ઝડપી પાડવામાં પોલીસ નિષ્ફળ પુરવાર થઈ હતી. ખેડા ટાઉન પોલીસ ગઈકાલે રાત્રે પેટ્રોલિંગમાં હતી. દરમિયાન રઢુ ગામે પશુ દવાખાનાની દિવાલ પાસે રાતે ૩ વાગે દરોડો પાડી ગાડીની ડીકીમાંથી તેમજ ટ્રેક્ટરની ટ્રોલીમાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૯૬૦ કિંમત રૂ.૫,૨૩,૨૦૦ તેમજ બીયરના ટીન નંગ ૩૮૪ કિંમત રૂ.૭૮,૬૦૦નો મળી કુલ રૂપિયા ૬ લાખનો જથ્થો મળી આવ્યો હતો. બંને વાહનના ચાલક તેમજ દારૂની હેરાફેરી કરનારા આરોપીઓ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ થયા હતા. એક પણ વાહન ચાલક કે બુટલેગર ન મળી આવતા પોલીસની કામગીરી સામે લોકોમાં સવાલો ઉઠી રહ્યા છે. ખેડા ટાઉન પોલીસે વિદેશી દારૂ, ગાડી, ટ્રેક્ટર અને ટ્રોલી મળી મળી કુલ રૂ.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### જામનગરમાં પરિણીતાએ પોતાના સાસરીયાઓના ત્રાસથી કંટાળી એસિડ પીધું : સારવાર હેઠળ

। પ્રતિનિધિ, જામનગર, તા.૯ ।

જામનગરમાં સાંઢિયા પુલ નજીક દ્વારકેશ પાર્ક વિસ્તારના રહેતી અને જામનગર તાલુકાના આમરા ગામમાં પરણાવેલી વસંતબેન નવીનભાઈ સોનગરા નામની ૩૩ વર્ષની પરિણીતાએ પોતાના સાસરીયાઓના ત્રાસથી કંટાળી જઇ એસિડ પી લીધું હતું, આથી તેણીને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.આ બનાવ અંગેની પોલીસને જાણ થતાં મહિલા પોલીસ સ્ટેશનની ટીમ તેમજ સીટી સી. ડિવિઝનની પોલીસ ટિમ જી.જી. હોસ્પિટલમાં પહોંચી ગઇ હતી, અને વસંતબેન ભાનમાં આવી જતાં તેણીનું નિવેદન નોંધ્યું હતું. જેમાં પોતે પોતાના સાસરીયાઓના ૧૧ વર્ષના ત્રાસથી કંટાળી ગઈ હતી, જેનાથી મુક્તિ મેળવવા માટે આત્મહત્યા કરવા માટેનું પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું. આથી પોલીસે વસંતબેન સોનગરાની ફરિયાદના આધારે તેણીના પતિ નવીન જેઠાભાઈ સોનગરા, ઉપરાંત અન્ય સાસરીયાઓ સસરા જેઠાભાઈ સોનગરા, સાસુ શાંતીબેન જેઠાભાઈ સોનગરા, ઉપરાંત ગૌરીબેન કિશોરભાઈ સોનગરા કિશોરભાઈ જેઠાભાઈ સોનગરા અને વિજયાબેન નંદાભાઈ સામે સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ નો ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરાઈ છે. ભોગ બનનાર વસંતબેનને તેમના સાસરીયાઓ લાંબા સમયથી અવારનવાર મારકુટ કરી ત્રાસ ગુજારતા હતા.એટલું જ માત્ર નહીં તમામ સાસરિયાઓએ ધમકી આપી હતી, કે નવીન સોનગરાને બીજી યુવતી સાથે પરણાવી દેશો તેમ કહી પતિને પણ ચઢામણી કરતા હોવાથી પતિ પણ સારી રીતે માનસિક ત્રાસ આપતો હતો. જેનાથી કંટાળીને આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.તેમની પુત્રી કૃપાલી ૧૨ વર્ષની છે. આ દંપતી ૧૨ વર્ષથી સુખેથી રહેતા હતા.






## તંત્રી લેખ..

# સુરક્ષા દળ સામે પડકાર

જમ્મુકાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબુદી સુરક્ષા દળો સામે જમ્મુ કાશ્મીરમાં અનેક પ્રકારના પડકારો હજુ આવી રહ્યા છે. થોડાક સમય માટે બ્રેકની સ્થિતી રહ્યા બાદ ફરી ત્રાસવાદીઓ સક્રિય દેખાઇ રહ્યા છે. સ્થાનિક પડકારોની સાથે સાથે સરહદ પર પણ નવા પડકારો રહેલા છે. આ કલમ નાબુદ કરવામાં આવ્યા બાદ એકબાજુ પાકિસ્તાને ઉશ્કેરણીજનક કૃત્યો કોરોના કાળમાં પણ યથાવતરીતે જારી રાખ્યા છે. સરહદ પર તે સ્થિતીનો લાભ લઈને વારંવાર ગોળીબાર કરે છે. જેમાં કેટલાક ભારતીય જવાનો શહીદ થયા છે. આ ઉપરાંત રાજ્યમાં જુદા જુદા સ્થળો પર હુમલા કરવાના તેના સમર્થકો દ્વારા પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે. કાશ્મીરમાં સ્થાનિક લોકોની વચ્ચે છુપાયેલા તત્વોથી સાવધાન રહેવાની પણ સુરક્ષા દળોને જરૂર છે. સાથે સાથે લોકોની અંદર આત્મવિશ્વાસ પણ જગાવવાની જરૂર છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ હવે સ્થિતી ધીમે ધીમે સામાન્ય બની રહી છે. અહીં છેલ્લા કેટલાક મહિનાથી હાલત કફોડી બનેલી હતી. પહેલા દરરોજ ત્રાસવાદી હુમલા કરવામાં આવી રહ્યા હતા. સ્થાનિક લોકો ત્રાસવાદીઓને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા હતા. હજુ પણ ત્રાસવાદીઓને કેટલાક વિસ્તારોમાં સ્થાનિક લોકો આશરો આપી રહ્યા છે ત્યારે તેમની સામે નવા પડકારો ઉભા થઇ ગયા છે. આવી જટિલ સ્થિતી વચ્ચે સુરક્ષા દળોને સાવધાન રહેવાની જરૂર છે. હકીકતમાં વસ્તીના એક મોટા હિસ્સાની વિચારધારા અને તેમના વ્યવહારનો હિસ્સો બની ચુકેલી કોઇ પણ સમસ્યાને ઉકેલી દેવા માટે તાકાતની એક મોટી ભૂમિકા હોય છે પરંતુ સાથે સાથે તેને એકમાત્ર કારણ અને વિકલ્પ તરીકે જોઈને આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. આના કારણે સમસ્યા વધારે ગંભીર બની જાય છે. કઠોર વલણની સાથે સાથે સમાયાતંર વાતચીતની પ્રક્રિયા જારી રાખીને જ બળ પ્રયોગનો કોઇ અર્થ નિકળી શકે છે. સમસ્યાની જડ બની ચુકેલા કેટલાક લોકોને વસ્તીથી અલગ કરવાની બાબત એક ચૂંટણી વલણ પણ હોય છે. કમનસીબ બાબત એ છે કે કાશ્મીરના સંબંધમાં છેલ્લા કેટલાક સમયથી વાતચીત માટેનો રસ્તો બંધ થયેલો છે. બલ્કે ચૂંટણી પ્રક્રિયાના પ્રયાસોમાં પણ ગંભીરતા દેખાઇ રહી નથી. છેલ્લી વિધાનસભાની ચૂંટણી બાદ બે લોકસભા સીટની પેટાચૂંટણી થઇ હતી. જેમાં ખુબ ઓછુ મતદાન થયુ હોવા છતાં ફારૂખ અબ્દુલ્લા વિજેતા બની ગયા હતા. ખાસ નોંધવા લાયક બાબત એ છે કે માત્ર લશ્કરી ઓપરેશન પર આધાર રાખીને અમે અમારા લશ્કરી બળોને પણ સંકટમાં મુકી રહ્યા છીએ. વર્તમાન સ્થિતીમાં કાશ્મીરમાં સેનાના પ્રયાસો છતાં સ્થિતી વધારે સુધરી નથી. જ્યાં સુધી શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી થશે નહીં ત્યાં સુધી સ્થિતીમાં નોંધપાત્ર સુધારો થઇ શકશે નહી.સ્થિતીને સુધારી દેવા અને તમામ પ્રકારની ચેતવણી આપવામાં આવી રહી હોવા છતાં પાકિસ્તાની સેના યુદ્ધવિરામનો ભંગ કરીને સ્થિતીને ખરાબ કરવાના પ્રયાસો સતત કરી રહી છે. પાકિસ્તાનને વારંવારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે.

# શરીરને પૌષ્ટિક તત્વો અતિ જરૂરી

શરીર માટે વિટામિન ડી અતિ જરૂરી હોય છે. વિટામિન ડી સાથે જોડાયેલી સમસ્યા કેટલીક બિમારીને આમંત્રણ આપે છે. જોઈન્ટની પિડા હાલના દિવસોમાં સામાન્ય સમસ્યા છે. દરેક વયના લોકો આ પિડા પિડાનો શિકાર થઈ રહ્યા છે. સામાન્ય રીતે વિટામિન ડીની કમીના કારણે આ સમસ્યા ઉભી થાય છે. હેરાની કરનાર બાબત એ છે કે શહેરોમાં રહેનાર આશરે ૮૦-૯૦ ટકા લોકો વિટામિન ડીની કમીની સમસ્યાથી ગ્રસ્ત રહે છે. અમે આજે ભાગદોડની લાઈફમાં અમે તાપમાં વધારે નિકળતા નથી. સાથે સાથે પૌષ્ટિક ભોજન પણ કરતા નથી. સમસ્યા એ પણ છે કે મોટા ભાગના લોકો આન માહિતી હોતી નથી. અથવા તો કેટલાક કેસમાં તો લોકો આને માનવા માટે તૈયાર થતા નથી. તાપમાં ન રહેવાના કારણે પણ આ સમસ્યા વધે છે. શરીરને મજબુતી આપનાર હાડકાને મજબુતી આપવા માટે વિટામિન ડીની ભૂમિકા ચાવીરૂપ હોય છે. કેટલીક મોટી બિમારીને પણ બચાવે છે. હાડકા એક ખાસ વય સુધી મજબુત હોય છે. વિટામિન ડી શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને વધારે છે. નર્વ્સ અને મસલ્સને કોઓર્ડિનેશનને કન્ટ્રોલ કરે છે. કેન્સરને રોકવામાં પણ મદદરૂપ બને છે. નિષ્ણાંત તબીબો કહે છે કે કમજોર હાડકાને મજબુત થવામાં આશરે ૧૫૦ દિવસનો સમય લાગે છે. જ્યારે ખરાબ થવામાં માત્ર ૨૦ દિવસ લાગે છે. બાળકોમાં વિકાસને ગતિ આપવા માટે પણ વિટામિન ડીની ખુબ જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં વિટામિન ડી લીધા બાદ તેની અસર સ્પષ્ટ પણે દેખાય છે. બાળકો હાલમાં આઉટડોર ગેમ વધારે રમતા નથી. સ્કુલથી આવતાની સાથે જ તેઓ મોબાઈલ અને ટીવી પર લાગી જાય છે. જેથી બાળકોમાં વિટામિન ડીની કમીની સમસ્યા રહે છે. પરસેવો નિકળે તેવા ગેમ બાળકો રમતા નથી જેથી સ્થુળતા પણ આવી જાય છે. એક વખતે સ્થુળતા આવી ગયા બાદ શરીરની શિથિલતા વધી જાય છે. ત્યારબાદ વિટામિન ડીની કમીનીશરૂઆત થઈ જાય છે. આ બાબત પણ જાણવી જરૂરી છે કે મહિલાઓની તુલનામાં વિટામિન ડીની કમી પુરૂષોમાં વધારે રહે છે.એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઈ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### પર્યાવરણની સમસ્યા માટે ”વધુ વૃક્ષો વાવો”ની ઝુંબેશ અતિ અનિવાર્ય છે.

**આ દિવસની ઉજવણીની જાહેરાત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૭૨ માં વૈશ્વિક સ્તરે પર્યાવરણ પ્રત્યે રાજકીય અને સામાજિક જાગૃતિ લાવવા માટે કરવામાં આવી હતી. ૫ જૂનથી ૧૬ જૂન દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આયોજીત વિશ્વ પર્યાવરણ પરિષદમાં ચર્ચા બાદ તેને લોન્ચ કરવામાં આવ્યું હતું.**

# પ્રદૂષણને કારણે અને પર્યાવરણ સાથે છેડછાડને કારણે મનુષ્ય આજે માઠા પરિણામો ભોગવી રહ્યો છે

**આપણી આસપાસ જે છોડ, પ્રાણીઓ, હવા, પાણી, પ્રકાશ, માટી વગેરે જે પણ દેખાય છે, જેમાં તમામ જીવંત જીવો રહેતા હોય છે, તેને પર્યાવરણ કહેવામાં આવે છે.**

૫ જૂન એટ્લે કે વિશ્વ પર્યાવરણ દિવસ. દર વર્ષે ૫ મી જૂનના દિવસને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. હાલના સમયમાં વિશ્વમાં અને દેશમાં પ્રદૂષણ ખૂબ જ ફેલાઈ રહેલું જોવા મળે છે. આમ વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવાનો હેતુ એ પર્યાવરણ ની રક્ષા કરવાનો છે. આ દિવસની ઉજવણીની જાહેરાત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૭૨ માં વૈશ્વિક સ્તરે પર્યાવરણ પ્રત્યે રાજકીય અને સામાજિક જાગૃતિ લાવવા માટે કરવામાં આવી હતી. ૫ જૂનથી ૧૬ જૂન દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આયોજીત વિશ્વ પર્યાવરણ પરિષદમાં ચર્ચા બાદ તેને લોન્ચ કરવામાં આવ્યું હતું. પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂન ૧૯૭૪ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. દર વર્ષે ૧૪૩ થી વધુ દેશો આ દિવસની ઉજવણીમાં ભાગ લે છે અને ઘણા સરકારી, સામાજિક અને વ્યવસાયિક લોકો પર્યાવરણીય સંરક્ષણ, સમસ્યાઓ વગેરે વિષય પર વાતો કરે છે. પર્યાવરણને સુધારવા માટે આ દિવસ મહત્વનો છે જેમાં સમગ્ર વિશ્વ રસ્તામાં ઉભા પડકારોને ઉકેલવાનો માર્ગ શોધે છે. વિશ્વ પર્યાવરણ દિવસ એ લોકોમાં પર્યાવરણીય જાગૃતિ લાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સંચાલિત વિશ્વની સૌથી મોટી વાર્ષિક ઘટના છે. તેનો મુખ્ય ઉદ્દેશ આપણી પ્રકૃતિની રક્ષા માટે જાગૃતિ લાવવાનો છે અને વિવિધ પર્યાવરણીય મુદ્દાઓ કે જે દિન પ્રતિદિન વધી રહ્યા છે તેને જોવાનો છે.

પર્યાવરણ એટલે શું અને ર્યાવરણ વિશે વધુ માહિતી: પર્યાવરણ શબ્દ એ ‘પરી’ અને ‘આવરણ’ આ બે શબ્દોમાંથી



બનેલ છે. આપણી આસપાસ આપણને જે પણ દેખાય છે અથવા તો અદ્રશ્ય છે તે પર્યાવરણ છે. બીજા શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે આપણી આસપાસ જે છોડ, પ્રાણીઓ, હવા, પાણી, પ્રકાશ, માટી વગેરે જે પણ દેખાય છે, જેમાં તમામ જીવંત જીવો રહેતા હોય છે, તેને પર્યાવરણ કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો માનવની આસપાસ રહેલ જે સામાજિક, આર્થિક, જૈવિક, ભૌતિક અને રાસાયણિક ઘટકો નું માળખું છે તેને પર્યાવરણ કહેવામાં આવે છે. પર્યાવરણ શબ્દ ને અંગ્રેજી ભાષામાં ‘Environment’ કહેવામાં આવે છે. પર્યાવરણના મુખ્ય ચાર આવરણ આપણને જોવા મળે છે. પહેલુ આવરણ છે જલાવરણ, બીજુ આવરણ એ મૃદાવરણ, ત્રીજુ આવરણ એ વાતાવરણ છે અને ચોથું આવરણ એ જીવાવરણ છે. જલાવરણમાં સાગર, હિમ શિખરો, નદીઓ અને વરસાદ વગેરેને સમાવેશ થાય છે. વાતાવરની અંદર હવાનો સમાવેશ થાય છે અને મૃદાવરણમાં પૃથ્વીની સપાટી પર આવેલું માટીનું આવરણ છે તેનો સમાવેશ થાય છે અને જીવાવરણમાં પૃથ્વી પર વસતા જીવોનો સમાવેશ થાય છે. વિશ્વમાં પ્રકૃતિના સંરક્ષણનો પ્રારંભ સર્વપ્રથમ ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે કર્યો હતો. પ્રકૃતિના મહત્ત્વને સ્વીકારતાં વન્ય જીવ-જંતુઓના શિકાર પર અંકુશ અને રક્ષણના નિયમો આજે પણ તેના શિલાલેખોમાં જોવા મળે છે. પર્યાવરણ જાળવણીથી જ ભરપૂર વરસાદ, વનરાજીની લીલીછમ ચાદર, શુદ્ધ હવા, પ્રલયકારી પૂરનું નિયંત્રણ, ભૂગર્ભ જળ-તળની યોગ્ય સપાટીની જાળવણી, પશુઓને યોગ્ય માત્રામાં ઘાસચારો, વનિલ ઉદ્યોગોને પૂરતો લાકડાનો જથ્થો, રોજગારીની ઉપલબ્ધિ, પ્રાકૃતિક તત્ત્વોની જાળવણી કરી શકાય. આપણા પર્યાવરણમાં થતાં હવા, જળ, જમીન અને અવાજનું પ્રદૂષણ રોકવું અને આવા પ્રદૂષણો દ્વારા પર્યાવરણને નુકસાન થતું અટકાવવું જોઈએ. પર્યાવરણની સમસ્યા માટે ''વધુ વૃક્ષો વાવો''ની ઝુંબેશ અતિ અનિવાર્ય છે. ગ્રીન હાઉસ ઈફેક્ટ, ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેન્ટ ચેન્જ જેવી પર્યાવરણીય સમસ્યાઓ એ વૈશ્વિક કક્ષાની સમસ્યાઓ છે. ''વિશ્વ પર્યાવરણ દિવસે'' સહુ સંકલ્પ લઈએ અને પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ અને સંવર્ધન થકી આપણા જીવનને ટકાઉ બનાવીશું. ‘વૃક્ષો વાવો, જીવન બચાવો’

પર્યાવરણનું મહત્વ: આપણાં જીવનમાં પર્યાવરણનું મહત્વ ખૂબ જ રહેલું છે. પૃથ્વી આપણે વસવાટ કરી શકયા છીએ તો તે પર્યાવરણના કારણે જ છે. પર્યાવરણના કારણે આપણે પાણી પી શકીએ છીએ, આપણે શ્વાસ લઈ શકીએ છીએ, આપણને ખાવા પીવાનું મળી રહે છે, આપણે જે ઘર બનાવીને રહીએ છે તે પણ પર્યાવરણની જ દેન છે. આપણને ઑક્સીજન પૂરો પાડનાર વૃક્ષો એ પર્યાવરણની જ દેન છે. પર્યાવરણ એ પૃથ્વીનો એક નવીન ભાગ છે. જો પર્યાવરણ છે તો પૃથ્વી ઉપર જીવન છે બાકી જીવન શક્ય જ નથી. પ્રાચીન સમયમાં મનુષ્ય પર્યાવરણને સારી રીતે સમજતો હતો. પણ હાલના સમયમાં જોવા જઈએ તો હાલમાં પર્યાવરણ પ્રત્યે કોઈને કોઈ સહાનુભૂતિ રહી જ નથી. પોતે પોતાના જીવનમાં એટલા વ્યસ્ત થઈ ગયા છે કે તેમણે પર્યાવરણ વિશે કોઈ ખ્યાલ જ નથી રહ્યો. પ્રાચીન સમયમાં વસવાટ કરતા લોકો પર્યાવરણને સ્વચ્છ રાખતા હતા. હાલમાં જોવા જઈએ તો પ્રદૂષણને કારણે અને પર્યાવરણ સાથે છેડછાડને કારણે વિશ્વમાં અલગ અલગ વિનાશ સર્જે તેવી ઘટનાઓ બનતી રહે છે. જે આપણે હાલના સમયમાં સારી રીતે જોઈ રહ્યા છીએ. સમયસર વરસાદ ન આવવો, ગરમીનું પ્રમાણ ખૂબ જ વધી જવું, બરફ પડવો, ઋતુઓનું અસમયસર બદલાતું રહેવું આ બધી જ ઘટનાઓ પર્યાવરણ સામે ઈશારો કરે છે કે હજુ સમય છે પર્યાવરણનું વહેલા જતન કરતાં થાઓ.

પર્યાવરણને બચાવવાના ઉપાયો:

૧) પર્યાવરણને બચાવવા માટેના ઉપાયો જોઈએ તો સૌપ્રથમ ઉપાય એ છે કે પર્યાવરણનું સંરક્ષણ કરવું અને વધુ માં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવું. વૃક્ષો એ હવામાથી કાર્બન ડાયોક્સાઈડ વાયુ લઈને આપણને શુદ્ધ ઑક્સીજન વાયુ પૂરો પાડે છે. આપણાં જીવન માટે તે ખૂબ જ ઉપયોગી વાયુ છે.
૨) ફેક્ટરીઓમાથી નીકળતો બિન જરૂરી કચરો અને ફેક્ટરીઓમાથી નીકળતા ધુમાડા અને પ્રદુષિત પાણી તેનું યોગ્ય નિયંત્રણ કરવું જોઈએ. આ કારણે પ્રદૂષણ વધારે ફેલાતું જોવા મળતું
૩) વાહનોનો ઉપયોગ ઓછો કરવો જોઈએ.



### બાળક તો બાળક જ છે તેમને ક્યાં હાઇજીનની માહિતી હોય છે...

**ભલે ઇન્ફેક્શનનો શિકાર થયેલા આ ૩૦ લાખ બાળકોને રસી મારફતે ૨૦ લાખ બાળકોને બચાવી લેવામાં સફળતા મળી રહી છે ચિંતાજનક બાબત એ છે કે આ સંખ્યા સતત વધી રહી છે એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં ૪૭ ટકા બાળકો કુપોષણનો શિકાર છે**

# વર્ષે ૩૦ લાખ બાળકોને ઇન્ફેક્શન

**બાળકોને ગંદા હાથે જમતા અને ધુળભરેલી જગ્યાએ પણ રમતા જોઇ શકાય છે : આવા બાળકોમાં હેલ્થ સંબંધી તકલીફ ઘણી હોઇ શકે છે**

બાળક તો બાળક છે. તેમને હાઈજીન અંગે ક્યાં કોઈ માહિતી હોય છે. આ જ કારણસર બાળકોને ગંદા હાથે જમતા અને ધુળ ભરેલી જગ્યાએ પણ રમતા જોઈ શકાય છે. તે બાબત સ્વાભાવિક છે. પરંતુ આ વાત પણ ૧૦૦ ટકા સાચી છે કે આવા જ માસુમ બાળકોમાં હેલ્થ સંબંધી તકલીફ વધારે રહે છે. તેમનામાં અનેક પ્રકારની તકલીફ હોઈ શકે છે. એમ પણ હવામાન લગતી તકલીફમાં બાળકો વારંવાર ફસાતા રહે છે. ગંદકી અને પરસેવાથી બાળકોને કેટલીક તકલીફ થઈ શકે છે. વિશ્વ આરોગ્ય સંગઠનના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દુનિયાભરમાં દર વર્ષે ૩૦ લાખ બાળકો ઈન્ફેક્શનના શિકાર થઈ જાય છે. ભલે ઈન્ફેક્શનનો શિકાર થયેલા આ ૩૦ લાખ બાળકોને રસી મારફતે ૨૦ લાખ બાળકોને બચાવી લેવામાં સફળતા મળી રહી છે. ચિંતાજનક બાબત એ છે કે આ સંખ્યા સતત વધી રહી છે. એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે



ભારતમાં ૪૭ ટકા બાળકો કુપોષણનો શિકાર છે. હકીકતમાં ગંદકીના કારણે પેટમાં ઈન્ફેક્શનની શક્યતા વધારે રહે છે. જેના કારણે જરૂરી તત્વો પેટની બહાર નિકળી જાય છે. જેની સીધી અસર દિમાગ પર પડે છે. ભોજન પહેલા હાથ સાફ ન કરવાની ટેવ, પાર્કમાં દુષિત પાણી પીવા અનેમાટી ખાઈ લેવા જેવી ટેવ બાળકોમાં રહે છે. આ પ્રકારની એક સમસ્યા કૌલરા ઈન્ફેન્ટમના સકંજામાં બાળકો આવી જાય છે. આ એક પ્રકારની ડાયરિયાની સ્થિતી જ છે. સમર ડાયરિયામાં બાળકને વારંવાર લુઝ મોશન થઈ જાય છે. શરીરમાં પાણીની કમી થઈ જાય છે. બાળક કમજોર બની જાય છે. ગરમીમાં બાળકોને કેટલાક પ્રકારની સ્કીન તકલીફ પણ થાય છે. આ ૨૫થી ૩૦ પ્રકારની હોય છે. જો હાઈજીન પર ધ્યાન રાખવામાં ન આવે તો પરેશાની વધી શકે છે. પરસેવો થવાના કારણે સ્કીન પરના પોરેસ બંધ થઈ જાય છે.

બાળકોને કોઈ પણ પ્રકારની પરેશાનીથી બચાવી લેવા માટે તે સાફ સુથરા રહે તે જરૂરી છે. પર્સનલ હાઈજીનના મામલે બાળકોને માહિતી આપવી જોઈએ. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે માત્ર ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. નવજાત શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને ખૂબજ સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં ઘણી મોટી સંખ્યામાં મહિલાઓનાં મોત થાય છે.

# વસ્તી પર નિયંત્રણ કર્યા વગર ભારત પોતાની વર્તમાન સમસ્યાઓનો ઉકેલ લાવી શકે નહીં : હાલમાં વસ્તી વધીને ૧૩૫ કરોડ થઇ

રોકટે ગતિથી દેશની વસ્તી વધી રહી છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે વિકાસ પર માઠી અસર થઈ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વિશાળ વસ્તીના ભરણપોષણ પર ખર્ચ થઈ જાય છે. જે ગતિથી વસ્તી વદી રહી છે તે ગંભીર સમસ્યા તરીકે છે.

વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી. ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે. જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે. સાથે સાથે ધાર્મિક વિવાદો પણ એક મોટી સમસ્યા તરીકે રહી છે. આવી સ્થિતીમાં વધતી જતી વસ્તીને લઈને એટલી ચિંતા કરવાની જરૂર શુ છે તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આ સવાલનો સીધો જવાબ એ છે કે તમામ સમસ્યા વસ્તી સાથે જોડાયેલી છે. ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે તમામ પ્રકારની સુવિધા લોકો સુધી પહોંચાડી દેવાની બાબત સરળ નથી. રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વસ્તીના ભરણપોષણમાં ખર્ચ થઈ જાય છે. જ્યારે આ સંશાધનોનો ઉપયોગ મુડીરોકાણ અને ઉત્પાદનને વધારી દેવામાં કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષિત પાણી જેવી મુળભુત અને જરૂરી સેવા પાછળ આ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી શકે છે.

અતિ ઝડપથી વધી રહેલી વસ્તી દેશના વિકાસ પર અવિરત અને સીધી રીતે માઠી અસર કરે છે. વસ્તીની વર્તમાન ગતિને સ્થિર કરીને કેટલીક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ભારતની વસ્તીને જોઈને દિમાગ ઘુમી જાય છે. વર્ષ ૧૯૪૭માં ભારતની વસ્તી ૩૩



કરોડ હતી. આ વસ્તી હવે ૨૦૨૨માં ૧૩૯ કરોડ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ૭૦ વર્ષના ગાળમાં ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં હવે ભારતની હિસ્સેદાર ૧૭.૮ ટકાની આસપાસ છે. એટલે કે દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ચીન જ એકમાત્ર એવુ દેશ છે જેમાં વસ્તી ભારત કરતા વધારે છે. ચીનની વસ્તી ભારત કરતા માત્ર સાત કરોડ જ વધારે છે. જ્યારે વર્ષ ૧૯૯૦માં ભારતની વસ્તી ૩૦.૨ કરોડ વધારે હતી. ભારતમાં વસ્તીનો વાર્ષિક વદ્ધિ દર ૨૦૧૦-૧૫માં ૧.૨૪ ટકા પ્રતિ વર્ષે રહ્યો હતો. જ્યારે આ જ અવધિમાં ચીનનો વસ્તીનો વદ્ધિ દર વાર્ષિક ૦.૬૧ ટકા રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિભાગના લોકો કહે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધારે થઈ જશે. ચીન વસ્તીના મામલે પણ બીજા સ્થાને ફેંકાઈ જશે.

વસ્તીના વૃદ્ધિ દરના આધાર પર મુકવામાં આવેલા અંદાજ મુજબ ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ૧૪૭.૬ કરોડથી વધારે થઈ જશે. જ્યારે ચીનની વસ્તીના સંબંધમાં અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વસ્તી એ વખતે ૧૪૫.૩ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઘટવાની શરૂઆત થઈ જશે. હાલના મુલ્યાંકનના આધાર પર કહી શકાય છે કે ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ચીન કરતા વધારે પહોંચી જશે. વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઈ જશે. જો તે વાસ્તવિકતા એ છે કે ભારતની વસ્તી તો વધુ વધશે. વર્ષ ૨૦૬૦માં અમારી વસ્તી તો ૧૭૦ કરોડના આંકડા સુધી પહોંચી જશે. આનુ મુખ્ય કારણ એ છે કે ભારતની વસ્તીમાં યુવાનોની સંખ્યા હાલમાં વધારે છે. વસ્તીના સતત વધી રહેલા આંકડા પરથી કહી શકાય છે કે દેશની વસ્તીમાંથી ૩૧ ટકા લોકોની વય ૦-૧૪ વર્ષની હતી.

આવી સ્થિતીમાં વસ્તી ઘટીને એક અબજ પર આવે તેવી આશા રાખી શકાય નહી. ભારતની વસ્તીને જો કાબુમાં લેવામાં નહીં આવે તો તેની માઠી અસર દેશના વિકાસ પર થશે. વિકાસની અસર લોકોમાં દેખાશે નહી. શિક્ષણ અને આરોગ્ય પર તેની અસર થશે. ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકાશે નહી. જેથી ગંભીર વસ્તી વિસ્ફોટ પર અંકુશ મુકવા માટે ગંભીર પ્રયાસો જરૂરી છે. વસ્તી વિસ્ફોટની જટિલ બની રહેલી સમસ્યા માત્ર ભારતમાં જ નહી બલ્કે દુનિયાના અન્ય દેશોમાં પણ છે. જેમાં ચીન પણ સામેલ હોવાની વાત કરવામાં આવી રહી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



ઇઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ ૧૨ દિવસ સુધી ચાલ્યું

# ઇઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા ૧,૦૬૦ લોકો માર્યા ગયા છે

। તહેરાન,તા.૯ ।

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ ૧૨ દિવસ સુધી ચાલ્યું. યુદ્ધ દરમિયાન, બંને દેશોએ એકબીજા પર સતત હુમલો કર્યો. દરમિયાન, ઈરાની સરકારે ઈઝરાયલ સાથેના યુદ્ધમાં માર્યા ગયેલા લોકોની નવી સંખ્યા જાહેર કરી છે. ઈરાની સરકારે કહ્યું છે કે ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા ૧,૦૬૦ લોકો માર્યા ગયા છે અને આ આંકડો વધી પણ શકે છે.ઈરાનના ‘ફાઉન્ડેશન ઓફ માર્ટીર્સ એન્ડ વેટરન્સ અફેર્સ’ના વડા સઈદ ઓહાદીએ મોડી રાત્રે ઈરાની સરકારી ટેલિવિઝન પર પ્રસારિત થયેલા એક ઈન્ટરવ્યુમાં મૃતકોની સંખ્યા વિશે માહિતી આપી હતી. ઓહાદીએ આ દરમિયાન એમ પણ કહ્યું હતું કે જે રીતે કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે તે જોતાં મૃત્યુઆંક ૧,૧૦૦ સુધી પહોંચી શકે છે.તમને જણાવી દઈએ કે ઈરાને યુદ્ધ દરમિયાન ઈઝરાયલના ૧૨ દિવસના બોમ્બમારાથી થતી અસરોને ઓછી આંકી હતી, જ્યારે આ હુમલાઓએ તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીને તબાહ કરી દીધી છે. યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછી, ઈરાન ધીમે ધીમે વિનાશની હદ સ્વીકારી રહ્યું છે. જોકે, તેણે હજુ સુધી ખુલાસો કર્યો નથી કે તેની સેનાને કેટલું નુકસાન થયું છે. વોશિંગ્ટન સ્થિત માનવાધિકાર કાર્યકર્તા જૂથે જણાવ્યું હતું કે ૪૩૬ નાગરિકો અને સુરક્ષા દળોના ૪૩૫ સભ્યો સહિત ૧,૧૯૦ લોકો માર્યા ગયા છે. હુમલાઓમાં ૪,૪૭૫ લોકો ઘાયલ પણ થયા છે.

રાજધાની દિલ્હી સરકારનો એક નિર્ણય

# વાહન માલિકોને માત્ર આઠ દિવસમાં લાખો રૂપિયાનું નુકસાન થયું । સામાન્ય લોકોનું બજેટ ખોરવાયું !!

**ઘણા લોકોએ તેમના મોંઘા વાહનો ફેંકી દેવાના ભાવે વેચી દીધા જ્યારે કેટલાક ટ્રાન્સપોર્ટરોએ જપ્તીના ડરથી તેમના વાહનોમાં માલ લઈ જવાનું બંધ કરી દીધું. જોકે, ભારે જાહેર વિરોધ અને ટેકનિકલ મુશ્કેલીઓને કારણે, આ નિર્ણય પાછો ખેંચી લેવામાં આવ્યો**

। નવીદિલ્હી, તા.૯ ।

દિલ્હી સરકારે ૧ જુલાઈના રોજ ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર લાદેલા પ્રતિબંધથી ઘણા લોકોનું બજેટ ખોરવાઈ ગયું છે. ઘણા લોકોએ તેમના મોંઘા વાહનો ફેંકી દેવાના ભાવે વેચી દીધા જ્યારે કેટલાક ટ્રાન્સપોર્ટરોએ જપ્તીના ડરથી તેમના વાહનોમાં માલ લઈ જવાનું બંધ કરી દીધું. જોકે, ભારે જાહેર વિરોધ અને ટેકનિકલ મુશ્કેલીઓને કારણે, આ નિર્ણય પાછો ખેંચી લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી લાખો વાહન માલિકોને રાહત મળી છે. જોકે, આ પ્રતિબંધ ફક્ત ચાર મહિના માટે જ ઉઠાવી લેવામાં આવ્યો છે. તે ફરીથી ૧ નવેમ્બરથી અમલમાં આવશે અને આ વખતે સમગ્ર એનસીઆર તેના કાર્યક્ષેત્રમાં આવશે.પેટ્રોલ પંપ પર ગોઠવાયેલા ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન કેમેરાએ જૂના વાહનો ઓળખી કાઢ્યા હતા, જેના



